# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧૯/૧૨/૨૦૨૩

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# CMAI આયોજિત '4th ફેબ શો' માટેનો રોડ–શો ચેમ્બર ઓફ કોમર્સ અને સીએમએઆઈના સંયુક્ત ઉપક્રમે યોજાયો

## CMAIના જોઈન્ટ સેક્રેટરી તેમજ CMAI ફેબ–શોના ચેરમેન નવિન સૈનાનીએ ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારો અને વેપારીઓને ફેબ–શો વિશે માહિતગાર કર્યા

**સુરત:** ધ ક્લોથિંગ મેન્યુફેક્ચુરર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (CMAI) દ્વારા આયોજિત '4th ફેબ શો' માટેના રોડ–શોનું આયોજન સીએમએઆઈ અને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સંયુક્ત ઉપક્રમે સોમવાર, તા.૧૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સાંજે ૬:૦૦ કલાકે, સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં સીએમએઆઈના જોઈન્ટ સેક્રેટરી તેમજ સીએમએઆઈ ફેબ–શોના ચેરમેન નવિન સૈનાનીએ ફેબ–શો અંગે ઉદ્યોગ સાહસિકોને માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'સુરતે ભારતની સીમાઓ ઓળંગીને ટેક્ષ્ટાઇલ ક્ષેત્રે નવું કંઈક કરવાની જરૂર છે. સમગ્ર ભારતમાં ટેક્ષ્ટાઇલ માર્કેટમાં વાર્ષિક ૭૬૨૯ કરોડ સ્કવેર મીટર કાપડ બને છે, જેમાંથી વાર્ષિક ૧૮૦૦ કરોડ સ્કવેર મીટર કાપડ સુરત બનાવે છે, જે સુરતીઓ માટે ગર્વની વાત છે. એ જ સુરતીઓને ફેબ્રિકથી લઈને એસેસરીઝ, સેવાઓ, મશીનરી અને તેમજ અન્ય સુવિધાઓ એક જ જગ્યાએ ફેબ–શોમાં મળી જાય તો તેનાથી વધુ સારી વાત શું હોઈ શકે છે? તેમ તેમણે જણાવ્યું હતું.

ચેમ્બર પ્રમુખે વધુમાં  જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારો માટે તેમના ઉત્પાદનને પ્રદર્શિત કરવા માટે ફેબ શો એક અનન્ય પ્લેટફોર્મ છે. તે માત્ર કોર્પોરેટ જ નહીં પણ નાના–મોટા સહિત તમામ ડીલરો અને ડિસ્ટ્રીબ્યુટર્સ માટે એક ઉપયોગી પ્લેટફોર્મ છે. ફેબ–શો કાપડના મેન્યુફેકચરર્સ માટેની એક સંપૂર્ણ સપ્લાય ચેઈન છે.

સીએમએઆઈના જોઈન્ટ સેક્રેટરી તેમજ સીએમએઆઈ ફેબ–શોના ચેરમેન નવિન સૈનાનીએ જણાવ્યું હતું કે, ખરીદદારો અને વેચાણકારોને એક જગ્યા પર લાવવા માટે ભારતનો સૌથી મોટો નેશનલ ગારમેન્ટ ફેર, બ્રાન્ડ્સ ઓફ ઈન્ડિયા જેવા વિવિધ એક્ઝિબિશન્સનું સીએમએઆઇ દ્વારા આયોજન કરવામાં આવે છે. તેમણે ભારતની ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીના ગ્રોથ પ્રોસેસની માહિતી આપી હતી. ઉદ્યોગ સાહસિકોને એક સારા શોમાં ભાગ લેવાથી વેપારમાં શું લાભ થાય છે? તે અંગે તેમણે માહિતી આપી હતી. તેમણે વધુમાં ગત ત્રણ ફેબ–શો અંગેની વિસ્તૃત જાણકારી આપી હતી.

ફોસ્ટાના પ્રમુખ કૈલાશ હકીમે ટેક્ષ્ટાઇલની વિવિધ મુશ્કેલીઓ અને તેના નિરાકરણ અંગે ચર્ચા કરી હતી. ત્યારબાદ ઉદ્યોગપતિ સુભાષ ધવન અને વિષ્ણુ અગ્રવાલે સીએમએઆઈ સાથેનો પોતાનો અનુભવ વ્યકત કર્યો હતો.

ચેમ્બરના ઉપ પ્રમુખ વિજય મેવાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા, ચેમ્બરના ગૃપ ચેરમેનો અને ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારો આ રોડ શોમાં ઉપસ્થિત રહયા હતા. સીએમએઆઈના સાઉથ ગુજરાત રિજીયન ચેરમેન ડો. અજોય ભટ્ટાચાર્યએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી અને ઉપસ્થિત સર્વેનો આભાર વ્યકત કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચેમ્બરના ગૃપ ચેરપર્સન ડો. બંદના ભટ્ટાચાર્યએ કર્યું હતું.